Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
Volume-17, Issue-1, June-2023
www.researchguru.net

# સંસ્કૃત બૌદ્ધ જાતકકથાઓના રચયિતા : કવિ આર્યશૂર

**ડૉ. સેજલ દવે**
સંસ્કૃત વિભાગ, શેઠ એચ.પી. આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, તલોદ.

સંસ્કૃત સાહિત્યકારો સાહિત્યોપાસનાને વધુ મહત્ત્વ આપતા હોવાથી તેમના જીવન વિશે ભાગ્યે જ સાચી વિગતો મળે છે. સ્વ પરિચિયને તેઓ આત્મશ્લાઘા માનતા. આથી તેમની ઈતિહાસ વિષયક જાણકારી પ્રાપ્ત થતી નથી. તેમનાં જીવન કથનીની આજુબાજુ દંતકથાનાં જાળાં હોય છે. આથી જ મેકડૉનલ "ઈતિહાસ એ સંસ્કૃત સાહિત્યની નબળી કડી છે"- એમ જણાવે છે. આ કથન સંસ્કૃતના બહુધા કવિઓ વિષે સત્ય ઠરે છે.

## ❖ કવિ આર્યશૂરઃ જીવન

ભગવાન બુદ્ધે આ જગતનાં પ્રાણીઓને જરા, રોગ અને મૃત્યુનાં અનિર્વાય દુ:ખોથી ઘેરાયેલા જોઈ, તેમને દુઃખમાંથી બહાર કાઢવા જે ધર્મોપદેશ કર્યો, તે એ સમયે પ્રયોજાતી માગધી, અર્થાત્ પાલિ—ભાષામાં કર્યો હતો. પરંતુ એ બૌદ્ધ વિચારધારાને 'કાવ્ય'ના માધ્યમથી અને સંસ્કૃત — ભાષામાં રજૂ કરનારા બે કવિઓ અત્યંત નોંધપાત્ર છે : એક છે કાલિદાસના પણ પુરોગામી એવા કવિ અશ્વઘોષ; જેમણે 'અલંકૃત મહાકાવ્ય'ની શરૂઆત કરી હતી તથા બીજા છે, સુબન્ધુ અને બાણ ભટ્ટના પણ પુરોગામી એવા આર્યશૂર જેમણે 'અલંકૃત ગદ્યકાવ્ય'ની સંસ્કૃતમાં શરૂઆત કરી છે.

સંસ્કૃત બૌદ્ધ જાતકકથાઓના રચયિતા આર્યશૂરના અંગત જીવન વિશે, એમના નિવાસસ્થાન કે ગામના નામ વિશેની કશી જ માહિતી આજે મળતી નથી. પં. સૂર્યનારાયણ ચોધરી કહે છે તેમ 'કલા અને સૌન્દર્યના ઉપાસક અને પ્રવૃત્તિમાર્ગ ઉપર ચાલનાર મહાકવિ કાલિદાસ જેવા સંસ્કૃત કવિએ જો પોતાના કુળ કે સ્થળકાળ વિશે કશી માહિતી આપી ન હોય અને એમના જીવનની વિગતો પણ કેવળ દંતકથાઓ ઉપર આધારિત હોય તો આર્યશૂર જેવા નિવૃત્તિમાર્ગી બૌદ્ધ કવિ તો પોતના જીવનની કશી પણ માહિતી કઇ રીતે લખે.'[૨] આમ, આપણે આર્યશૂરના અંગત જીવન કે સ્થળકાળ વિશે એમના પોતાના લખાણ કે કોઈ ગ્રંથમાંથી વિગતો પ્રાપ્ત કરી શકતા નથી. આર્યશૂર પર મહાકવિ અશ્વઘોષની અસર સ્પષ્ટ જોઈ શકાય છે. આર્યશૂર જે વાતાવરણમાં રહેતા હતા તેમાં સંસ્કૃત ભાષાનો ઉપયોગ કેટલો વિસ્તૃત હતો તેનો ખ્યાલ આ જાતકકથાઓમાં વપરાયેલી પ્રશિષ્ટ કાવ્યશૈલી પરથી આવે છે.

આર્યશૂર વિરચિત ગ્રંથ 'જાતકમાલા'ના મંગલાચરણમાં જ બધા (૨૪) બુદ્ધોને અને બોધિસત્ત્વોને પ્રણામ કર્યા છે.[૩] આથી તેઓ મહાયાની બૌદ્ધ મતાવલંબી કવિ છે એ સ્પષ્ટ થાય છે. જાતકમાલામાં આવતી 'યજ્ઞજાતક' અને 'શશજાતક'કથાઓ ઉપરથી એવું લાગે છે કે તેઓ બૌદ્ધ હોવા છતાં તેમના સમયમાં પ્રચલિત બ્રાહ્મણ સંસ્કૃતિના યજ્ઞયાગાદિથી, બ્રાહ્મણોની ધાર્મિક વિધિ વિધાનો અને વેદમંત્રોમાં પ્રસિદ્ધ એવા ઇન્દ્ર વગેરે દેવતાઓથી પણ પરિચિત છે; અને વૈદિક સંસ્કૃતિની કેટલીક માન્યતામાંથી જન્મેલી બદીઓથી પણ સભાન છે. આની સામે બૌદ્ધધર્મની આચાર પરંપરા, નીતિઓનાં તથા અહિંસા, દયા, કરુણા, મૈત્રી વગેરે સદગુણોનો પ્રચાર પ્રસાર કરવાનાં આશયથી તેમણે પોતાના કવિત્વને કામે લગાડયું છે.

તેઓ એક સારા ધર્મોપદેશક હોવા ઉપરાંત પાંડિત્યની બાબતમાં પણ ઊંચી કક્ષાના પંડિત છે કેમ કે તેમણે પાણિનીય વ્યાકરણને સંમત થાય તેવી શિષ્ટ સંસ્કૃત ભાષામાં પોતાના ગદ્યકાવ્યની રચના કરી છે. ભાષા ઉપર પ્રભુત્વ હોવાના કારણે તેઓ "જાતકમાલા'માં સફળતાપૂર્વક શુદ્ધ સંસ્કૃતભાષા પ્રયોજી શકયા છે. તેમણે ગદ્યકથાઓની વચ્ચે વચ્ચે નીતિ કે ધર્મવિષયક સુન્દર શ્લોકો આપ્યા છે. આ જુદા જુદા શ્લોકો ૨૭ જેટલા વિવિધ છંદોમાં પ્રોયોજાયા છે. જે જણાવે છે કે કવિ આર્યશૂર છન્દોનો સફળ પ્રયોગ કરી જાણે છે તેમને વ્યાકરણની સાથે છન્દશાસ્ત્રનું પણ સારું એવું જ્ઞાન છે.

તિબ્બત બૌદ્ધ ધર્મના વિશેષજ્ઞ ઈતિહાસકાર પં.શ્રી તારાનાથે આર્યશૂરના અંગત જીવનનો એક પ્રસંગ (જે તેમને તિબેટમાંથી

સાંભળવા મળ્યો હશે) તે આ પ્રમાણે વર્ણવે છેઃ જાતકમાલાની પહેલી 'વ્યાઘ્રી જાતક' આર્યશૂરે પોતાના ગુરુના મુખેથી સાંભળેલી છે. (આ જાતકકથા "પાલિજાતકો'માંથી લેવામાં આવી નથી) તેનાથી તેઓ એટલા પ્રભાવિત થયેલા હતા કે એકવાર વનમાં સાચેસાચ તેમણે એક વાઘણ અને તેનાં બચ્ચાંને ભૂખથી પીડાતા જોયા. વાઘણ પોતાના બચ્ચાને ખાઈ જવાની તૈયારીમાં હતી, ત્યારે માતૃભાવના ક્ષય ન પામે અને વાઘણ અને તેનું બચ્ચું જીવિત રહે એ આશયથી, કવિ આર્યશૂરે બોધિસત્ત્વના દયાના વિચારોથી પ્રેરાઈને પોતાની જાતને વાઘણના ખોરાક તરીકે અર્પણ કરી દેવા વિચાર્યું. ઘડીભર તેઓ ડરી ગયા, પણ પછી હિંમત એકઠી કરીને તેમણે પહેલાં પોતાના શરીરમાં છેદ મૂકીને લોહી કાઢ્યું અને પેલી વાઘણને પીવડાવ્યું. થોડીવારે તેનામાં શક્તિ આવતા, એ ઊભી થઈ, ત્યારે તેમણે પોતાનું શરીર એ વાઘણને ખાવા માટે આપી દીધું.

આમ, પ્રાણી માત્રને ભૂખના દુઃખમાંથી બહાર કાઢવા જેમ બોધિસત્ત્વ શરીરત્યાગ કરવા તત્પર હતા તેમ કવિ આર્યશૂરે પણ પોતાના જીવનમાં સાચેસાચ એવી તત્પરતા દાખવી હતી; અને બોધિસત્ત્વના આદર્શને જીવી બતાવ્યો હતો. આદર્શમય લખાણો લખવાં તે એક વાત છે અને આદર્શ જીવી બતાવવો તે બીજી વાત છે, તો આર્યશૂર બોધિસત્ત્વના જીવનઆદર્શોની માત્ર કથા લખનાર ન હતા, તે મુજબ જીવન જીવનાર પણ હતા.

### ❖ કવિ આર્યશૂર : સમય

કવિ આર્યશૂર સુબન્ધુ અને બાણભટ્ટના પણ પુરોગામી છે. બૌદ્ધ વિચારધારાને કાવ્યના માધ્યમથી સંસ્કૃતભાષામાં રજૂ કરનાર તેઓ અશ્વઘોષ પછીના બીજાક્રમે આવતા બૌદ્ધ કવિ છે. અશ્વઘોષનો સમય ઈ.સ.ની પહેલી સદી છે. અશ્વઘોષ કુષાણ વંશના રાજા કનિષ્કના સમકાલિક હતા. તેમનો સમય ઈ.સ. ૭૮ થી ૧૦૨નો દર્શાવાયો છે. તો તેના પછીના સમયમાં થયેલા આર્યશૂરનો સમય ઈ.સ. ૩૫૦ થી ૪૦૦ સુધીનો ગણાવાયેલો છે.[૪]

મહારાષ્ટ્રમાં જલગાંવ પાસે આવેલી અજંતાની ગુફાઓમાં કવિ આર્યશૂર રચિત કેટલીક જાતકકથાઓને[૫] આધારે અનેક ભીતિ-ચિત્રો દોરવામાં આવ્યાં છે, જે આજે પણ યથાવત જળવાયા છે. જે વિશ્વભરના પ્રવાસીઓનાં મનને આકર્ષે છે. આ ચિત્રોની નીચે જે તે પ્રસંગને સ્પષ્ટ કરવાના આશયથી આર્યશૂરના ઉપદેશાત્મક શ્લોકોને પણ લખવામાં આવ્યા છે; આ લખાણની લિપિનો મરોડ લગભગ છઠ્ઠી સદીનો જણાય છે. આમ, એમ માનવું રહ્યું કે આર્યશૂર રચિત આ 'જાતકમાલા'નો પ્રચાર સમગ્ર ભારતમાં પાંચમી સદી સુધીમાં થઈ ચૂક્યો હશે.

આર્યશૂરે 'કર્મફળ' ઉપર એક સૂત્રગ્રન્થની રચના કરી હતી, એમ કહેવાય છે. આ ગ્રન્થનો ચીની અનુવાદ ઈ.સ. ૪૩૪ માં થયેલો છે. આથી પણ એ અનુમાનને ટેકો મળે છે કે આર્યસુરનો સમય ૪૩૪ થી પહેલાં, લગભગ ૩૫૦ થી ૪૦૦ ઈ.સ.નો માની શકાય. अश्वघोष का प्रभाव आर्यसूरकी जातकमाला में सर्वाधिक स्पष्ट है, जो तीसरी अथवा चौथी शताब्दी की है।....और यह पांचवी शताब्दी में चीनी भाषा में अनूदित की गई थी।[૫] અહીં પણ કવિ આર્યશૂરને કવિ અશ્વઘોષ પછીના સમયમાં અર્થાત્ ત્રીજી કે ચોથી સદીમાં થયા હોવાનું જાણવા મળે છે અને તે ઉપરથી કહી શકાય કે ત્રીજી કે ચોથી સદીમાં 'જાતકમાલા'ની રચના થઈ હશે. આ બધાં જ તારણો પરથી કવિ આર્યશૂરને પણ આપણે ત્રીજી કે ચોથી સદીમાં થઈ ગયેલા માની શકીએ.

### ❖ કવિ આર્યશૂરની કૃતિઓ

સંસ્કૃત સાહિત્યમાં આર્યશૂરે ત્રણ કૃતિઓની રચના કરી ગણાય છે[૬] :-

(૧) જાતકમાલા (૨) સુભાષિતરત્ન કરંડક–કથા (સંસ્કૃતમાં) (૩) પારમિતાસમાસ. આ ઉપરાંત બીજી ત્રણ કૃતિઓ પણ આર્યશૂરની રચેલી કહેવાય છે, પણ તે મૂળ (સંસ્કૃત) સ્વરૂપમાં ઉપલબ્ધ થતી નથી, આ ત્રણ કૃતિઓ કેવળ તિબ્બતી-અનુવાદમાં જ મળે છે, જેમના નામ આ પ્રમાણે છે. (૪) પ્રતિમોક્ષસૂત્ર-પદ્ધતિ (૫) બોધિસત્ત્વજાતક ધર્મગણ્ડી (૬) સુપથનિર્દેશ પરિકથા

### જાતકમાલા પરિચય:

જાતકમાલા ગ્રંથની રચના કવિ આર્યશૂરે કે આર્યસૂરે ( ઘણા વિદ્વાનો આર્યશૂર ને

સ્થાને આર્યસૂર નામ પ્રયોજે છે.) કરી છે . ઉપરોક્ત છ કૃતિઓના સર્જનથી કવિ આર્યશૂરે વિશ્વ સાહિત્યને સમૃદ્ધ કર્યું છે. આ બધા જ ગ્રંથોમાં સંસ્કૃત બૌદ્ધ જાતકકથાઓનો સંગ્રહ ખૂબજ મહત્વનો ગ્રંથ છે. ૩૪ સંસ્કૃત જાતકોનો સંગ્રહ-હારમાળા હોવાથી આ ગ્રંથને 'જાતકમાલા' એવું નામ અપાયું છે. આ જાતકમાલા ગ્રંથનું બીજું નામ 'બોધિસત્ત્વાવદાનમાલા' પણ છે. જે ગ્રંથમાં બોધિસત્ત્વ અર્થાત્ ભગવાન બુદ્ધનાં પૂર્વ અવતારોની કથા છે તે ગ્રંથ. પાલી ભાષામાં પ્રસિદ્ધ ૫૪૭ જાતકક્થાઓમાંથી આર્યશૂરે પોતાની આગવી શૈલીમાં અને સંસ્કૃતભાષામા ૩૪ જાતકકથારૂપી ૩૪ પુષ્પોની માળા રચી છે.

અહી 'જાતકકથા'ને બદલે 'અવદાન(કથા)' એવો જે શબ્દ વપરાયો છે, તે પણ સમજીએ. 'અવદાન' એટલે "કીર્તિકર કાર્ય" કે "પવિત્ર કર્મ" અથવા "ઉદાર ચરિત". જાતકકથાના મુખ્યપાત્ર એવા ભગવાન બુદ્ધે—બોધિસત્ત્વે પોતાના પૂર્વેના એક – એક જન્મમાં જે દયા, દાન, અહિંસા, સત્યાચરણ, ક્ષમા વગેરે સત્કૃત્યો કર્યા છે, તે દરેકને 'અવદાન' કહેવાય છે. બોધિસત્વનાં આવા અવદાનોની એક એક કથાની માળા જેમાં ગૂંથવામાં આવી છે, તેને "બોધિસત્ત્વાદાનમાલા"– એવું શીર્ષક અપાય તો તે પણ ઉચિત છે. આ પાલિ જાતકોનો અંગ્રેજી, જર્મન, બંગાળી અને હિન્દીમાં અનુવાદ થઈ ચૂક્યો છે. બંગાળી અનુવાદ શ્રી ઈશાનચન્દ્ર ઘોષે તેમજ હિન્દી અનુવાદ ભદત્ત આનન્દ કૌશલ્યાયને કર્યો છે. આ જાતકમાલામાં ૩૪ સંસ્કૃત બૌદ્ધ જાતકથાઓ આપેલ છે. જેમાં ભગવાન બુદ્ધના પૂર્વ જન્મની કથાનું વર્ણન થયું છે. એ પૂર્વ જન્મોમાં બુદ્ધ બોધિસત્વરૂપે દાન, મૈત્રી, ક્ષમા, દયા વગેરે દશ પારમિતા ( જે તે ગુણની પરાકાષ્ઠા) સિદ્ધ કરે છે. જેના ફળા સ્વરૂપ તેમને સિદ્ધાર્થ તરીકેના જન્મમાં બોધ-જ્ઞાન પ્રાપ્તિ થાય છે, અને તેઓ બુદ્ધ બને છે. બૌદ્ધધર્મમાં આ દશ પારમીતાઓનું ખૂબજ મહત્વ છે.

**સંદર્ભ :**

१. जातकमाला- आर्यशूर: अनुवाद वसंतकुमार भट्ट, सरस्वती प्रकाशन, पृ.३२

२. जातकमाला- आर्यशूर: संपादक-सूर्यनारायण चौधरी,प्रकाशक-मोतीलाल बनारसीदास,

दिल्ली, प्रथमावृत्ति: १९८४

3. जातकमाला- आर्यशूर: संपादक-डॉ. जगदीशचन्द्र मिश्र, चोखम्भा संस्कृत प्रतिष्ठान, दिल्ली,द्वितीय आवृत्ति:१९८१, पृ. १

४. जातकमाला- आर्यशूर, ક્ષાન્તિવાદી, મૈત્રીબલ, મહાહંસ, રુરુ, શિબિ, મહાકપિ, મહિષ વગેરે જાતકોને આધારે ચિત્રો દોરવામાં આવ્યા છે.

५. जातक- भदन्त आनन्द कौशल्यायन, भाग – १, हिन्दी साहित्य सम्मेलन , प्रयाग वाराणसी, तृतीय संस्करण, १९९४, प्रस्तावना

६. जातकमाला- आर्यशूर: अनुवाद, वसंतकुमार भट्ट, सरस्वती प्रकाशन, अमदावाद